

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*લોખંડી સુરક્ષા વચ્ચે સ્વાતંત્ર્ય ધ્વજ ફરકે છે*
*છૂપી મુખત્યારશાહરી મૂછમાં ખંધૂં મરકે છે,*
*ફફડે છે કાશ્મીરમાં, ધ્વજ આતંકી સ્તંભે ચઢી -*
*પાસા-જાસા-જાસૂસીની હવામાં ધ્વજ થરકે છે.*
*(આઝાદીનો અમૃત મહોત્સવ)*

### હાઈકુ

*કાંધે ચઢીને*
*ત્રણ-ચાર વ્યક્તિની*
*સ્વાતંત્ર્ય-યાત્રા*
*(ગંભીર મૌન સાથે)*

*છે નેતૃત્વમાં -*
*વિકાસની હાંડલી*
*કાઢે ધૂમાડા !*
*(અંતિમ યાત્રા)*

### ચિંતન

**અશુદ્ધિમિતિ ચેન્ન શબ્દાત ।**

ઉપરોક્ત સૂત્ર સંસ્કૃત સુભાષિત પદાવલીમાંથી લેવામાં આવેલ છે.

પરલોકમાંથી પાછા ફરનારા જીવો જલ, તલ, અડદ અને ચોખાનું રુપ ધારણ કરે છે એવું જ કહેવામાં આવ્યું છે એનો અર્થ જીવો ખરેખર, જવ, તલ, અડદ અને ચોખા નથી બનતા એ બધા પદાર્થોમં પોતાના કર્મ ફળોને ભોગવવા માટે બીજા જીવો પહેલેથી જ રહેતા હોય છે. જો કહેવામાં આવે કે એમને આરોગવું અશુદ્ધ કહેવાશે તો એ ધારણા ખોટી છે.

કોઈને એવું કહેવાનું મન થાય કે અનાજના દરેક દાણામાં જીવ રહેતો હોવાથી, અનાજ ને દળવાનું, રાંધવાનું કે ખાવાનું કામ અશુદ્ધ અથવા પાપકર્મ કહેવાશે, તો તેવું માનવું બરાબર નથી. છાંદોગ્ય ઉપનિષદમાં પુરુષને અગ્નિ તરીકે વર્ણવીને એમાં અન્નને હોમવાનું કહેવામાં આવ્યું છે. એટલે કે અન્ન ને આરોગવાનું કહેવામાં આવ્યું છે. ખાવાનું જીવનના ધારણપોષણને માટે અનિવાર્ય હોવાથી દોષ રહિત છે.

### સુવિચાર

- જે યુવાન રોતો નથી તે જંગલી ચે, જે વૃદ્ધ હસતો નથી તે મૂર્ખ છે - **સંત રોબિન**
- સુખની ઈમારત ફક્ત સદ્ગુણો ઉપર જ ચણી શકાય છે અને તેના પાયા માટે સત્યની પ્રથમ આવશ્યકતા છે - **બેકન**
- મૂર્ખતા બધું કરશે, પણ બુદ્ધિનો આદર નહીં કરે - **મોન્ટેન**
- બુદ્ધિનું એક કામ એ પણ છે કે એકલી બુદ્ધિ પર જ આધાર રાખવામાં રહેલાં જોખમોનો ખ્યાલ રાખવો - **બટ્રાન્ડ્ રસેલ**
- નિંદા - સ્તુતિની બાદબાકી કરવાવાળો મનુષ્ય પોતાની જાતે જ મુક્ત થઈ જાય છે - **વિનોબા ભાવે**
- ઘંટ ઘંટ જ નથી જ્યાં સુધી તમે તેને વગાડો નહીં. ગીત ગીત જ નથી જ્યાં સુદી તમે તેને ગાઓ નહીં. એ જ રીતે નિર્ણય જ નથી જ્યાં સુધી તેનો અમલ ન થાય - **પોલ વેલેરી**
- આજનું ઔષધ : વધુ પડતી તરસ લાગતી હોય તેમણે કાળી દ્રાક્ષ અને જેઠી મધનો ઉકાળો કરીને પીવો

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજાને જાહોજલાલીની વચ્ચે અનિંદ્રા અને ઉદાસી લાગવા લાગી. તેમણે રાજ પુરોહિતની સાથે આ બાબતે ચર્ચા કરી. પુરોહિતે કહ્યું, 'મહારાજ, આપ મહેલમાં એક શાંત ઓરડા શોધી તેમાં એકાંતમાં બેસી ચિંતન કરી જુઓ. કંઈક ઉકેલ મળશે.' રાજાએ એક ઓરડો પસંદ કરી તેમાં બેઠાં. ચાર કલાક બાદ તે ઓરડાની સફાઈ કરવા કર્મચારી આવ્યો. રાજાએ તેની સાથે નિખાલસ મને વાતો કરી. રાજાએ તેને કર્મચારીના જીવનમાં આવતી સમસ્યાઓ વિશે તથા બીજા મુદ્દાઓ પર વાતો કરી. રાજા પેલા સફાઈકર્મીની વાતો સાંભળી દુઃખી થઈ ગયા. તેમણે રોજ આ સૌથી નીચા સ્તરના કર્મચારીઓને રોજ અલગ-અલગ રીતે બોલાવી તેમની દુઃખ વિશેની વિગતો જાણી. સૌ કર્મચારીઓની એક સમસ્યાએ પણ હતી કે ટૂંકા પગારમાં પૂરું થતું નથી. અને સૌ આર્થિક તકલીફમાં જીવે છે. રાજાએ આ સૌ સફાઈ કર્મીઓનો પગોર દોઢો કરીઆપ્યો. સૌ કર્મચારીઓએ રાજાનો ખૂબ ખૂબ આભાર માન્યો. રાજા પુરોહિતે રાજાને મુલાકાત કરી પૂછ્યું 'મહારાજ, તમને કંઈ શાંતિ થઈ ? રાજાએ કહ્યું, 'ભૂદેવ, એકાંતમાં ભલે હું મૌન ન રહ્યો પણ આપણા કર્મચારીઓના દુઃખો સાંભળ્યા તો અશાંતિ ઓછી થઈ અને એમને કંઈક મદદ કરી તો મારી ઉદાસી અને અનિદ્રા બંને વિદાય થયા છે.' પુરોહિતે કહ્યું, 'આપે પોતે જ આપના માટે શાંતિનો માર્ગ શોધી લીધો છે. હવે આપ એ માર્ગ પર આગળ વધો. એક રાજા ત્યારે જ પ્રસન્ન થઈ શકે છે જયારે તેની પ્રજા સુખી હોય.' સાર એ છે કે મનની શાંતિ પોતાના સુખ કરતાં બીજાનાં દુઃખ દૂર કરીને સુખી કરવાથી મળે છે. તેથી યથાશક્તિ બીજાની મદદ કરવી.

# ઝંડા ઊંચા રહે હમારા

## તંત્રીસ્થાનેથી...

'દેશ તો આઝાદ થાતાં થૈ ગયો
તેં શું કર્યું ?'

આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોષીએ આ સવાલ કોઈ બીજાને કર્યો છે એવું ના માનશો. એમણે એ સવાલ દેશના હરકોઈ નાગરિકની સાથે ખુદ પોતાની જાતને પણ કર્યો છે. આઝાદી તો મળી ગઈ પણ આઝાદ દેશના નાગરિક તરીકે વર્તતાં આપણને આવડ્યું છે ખરું ? જાપાન કે એવા અન્ય દેશોના નાગરિકોની જેમ 'નાગરિક ધર્મ' અને એવો અનન્ય રાષ્ટ્રપ્રેમ આપણે કેળવી શક્યા છીએ ખરા ? જે રીતે અત્ર-તત્ર-સર્વત્ર ભ્રષ્ટાચાર અને અનાચાર વ્યાપ્યો છે એ જોતાં તો એમ જ લાગે કે ચર્ચિલે કરેલી ભવિષ્ય વાણી મુજબ આ દેશની પ્રજા આઝાદીને લાયક જ ન હતી. એને તો બસ, અંગત સુખ સુવિધામાં જ રસ છે; એની દૃષ્ટિ ઘરસંસાર અને બહુ બહુ તો સગાંવ્હાલાંનાં કૂંડાળા બહાર જતી જ નથી. આ પાડોશીની ફિકર કરતાં શીખ્યો જ નથી. એને તો યેનકેન પ્રકારેણ શક્ય એટલો વધુ ને વધુ અસબાબ એકઠો કરવો છે, ભલે પછી એ માટે લાંચ-રૂશ્વતથી લઈ બીજી કોઈ પણ હલકામાં હલકી રીતરસમ અપનાવવી પડે. કવિના સંવેદનસીલ હૃદયમાં આ ટીસ જાગી એટલે પ્રકૃતિ અને પ્રેમની કવિતા કરતાં કરતાં ઓચિંતું જ આવું પ્રશ્નકાવ્ય રચી દીધું જે એમની ગેરહયાતીમાં આજે પણ એટલું જ પ્રારંભિક અને પ્રસ્તુત લાગે. દેશની આઝાદીને જોતજોતામાં ચુમોત્તેર વર્ષ પૂરાં થઈ ગયાં - આજે પંચોત્તેરનું બેઠું છે. જો સરખી રીતે, જાપાન કે ચીનની જેમ દરેક નાગરિકે - જેમાં નાગરિટોના વોટથી ચૂંટાઈને સંસદ તથા વિધાનસભાઓમાં જનારા નેતાઓ પણ આવી ગયા - પોતાની રાષ્ટ્ર પ્રત્યેની ફરજ સમજીને વર્તન કર્યું હોત તો પોણોસો વર્ષના સમયગાળામાં ભારત ફરી એકવાર 'સોનાની ચીડિયા' બની ગયું હોત. એવું કશું બન્યું નથી અને છતાં ધીમી ગતિએ વિકાસ તો સધાયો જ છે. દીર્ઘદૃષ્ટા પંડિત નહેરુએ ગાંધી મોડલના ગ્રામસ્વરાજ કરતાં ઉદ્યોગોથી ધમધમતા દેશની કલ્પના કરી. સતલજ પર ડેમ બાંધીને પંજાબની ધરતીને ન્યાલ કરી દીધી. ભિલાઈનું કારખાનું સ્થાપ્યું. નહેરુ વિશ્વ માનવી હતા અને સંપૂર્ણતયા ધર્મ નિરપેક્ષ રાજનીતિમાં માનતા હતા. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ગરીબડા હિંદુસ્તાનના વડાપ્રધાનનો એક 'વોઈસ' હતો. શાસ્ત્રીજીએ અઢાર માસના ટૂંકા શાસનકાળમાં 'જય જવાન, જય કિસાન' નો નોરા ઓપી એક સાદગીપૂર્ણ જીવનશૈલી વાળા રાષ્ટ્રપ્રમુખની છાપ ઊભી કરી હતી. ચીન સામે હરેલી ભારતીય સેના લાહોરમાં તિરંગો ફરકાવી આવી. ઈંદિરા ગાંધીના પ્રલંબિત શાસનકાળમાં સવિશેષ ગરીબોની કલ્યાણ યોજનાઓ અમલી બની. બેન્કોનું રાષ્ટ્રીયકરણ થયું. રાજાઓનાં સાલિયાણા નાબૂદ થયાં. શિમલા કરાર થયા. પાકિસ્તાનને યાદ રહી જાય એવો પાઠ ભણાવી એની પૂર્વ પાંખ તોડીને નવા રાષ્ટ્રને જન્મ આપ્યો. પણ એ જ ઈંદિરા ગાંધીના શાસનકાળમાં લોકશાહીના ગળે ટૂંપો દેનારી કટોકટી પણ આવી. પ્રજાની ખરી તાકાતની કસોટી સ્વરુપે વિપક્ષોએ સાથે મળીને એ પ્રિયદર્શિનીને ઘેર ભેગાં કર્યા પણ એ જ વિપક્ષોને શાસન કરતાં ના આવડ્યું ત્યારે પ્રજાએ રંગેચંગે ઈંદિરાને 'નઈ રોશની' લાવનારાં નેતા તરીકે પુનઃસ્થાપિત પણ કર્યા. કોંગ્રેસનું સતત ક્ષરણ થતું ગયું. ક્ષરણ અંતે તો મરણમાં પરિણમતું હોય છે. વિકલ્પે જે વિરોધી વિચારસરણી વળો જમણેરી પક્ષ છવાઈ ગયો છે એને સંપૂર્ણ રાષ્ટ્રનું સમર્થન નથી. પરંતુ કુનેહપૂર્વક નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનો હિંદુત્વનો એજન્ડા લાગુ કરવા માંડ્યો જેની ફલશ્રુતિ અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરના સૈકા જૂના પ્રશ્નના ઉકેલ તરીકે આપણી સામે છે. જમ્મ અને કાશ્મીર મુદ્દે સાહસિક પગલું ભરીને મોદી ઈંદિરા ગાંધી કરતાં એક કદમ આગળ નીકળી ગયા છે. જો કે રાષ્ટ્રને અણુ રાષ્ટ્ર બનાવવામાં ઈંદિરાજીનો ફાળો ભૂલી શકાય એમ નથી. વાજપેયી અને મનમોહનસિંહ સજ્જન રાજપુરુષો તરીકે યાદ રહેશે. સરદાર પટેલ અખંડ ભારતના શિલ્પી તરીકે અમર થઈ ગયા છે. દેશના નેતાઓને પોતપોતાની રીતે યોગદાન આપ્યું જ છે, પણ સત્તાપરસ્તી એ દરેક રાજકીય પક્ષની સૌથી મોટી મર્યાદા બની રહી છે... પંચોત્તેરમા જન્મદિવસે રાષ્ટ્રને આપણે આદર સમર્પિત થઈએ. રાષ્ટ્રદેવતાનાં ચરણોમાં કોટિ કોટિ પ્રણામ.

# વાલી અને વ્યક્તિ તરીકે આપણી દેશભક્તિ...



## આરપાર

રાઘવજી માધડ

ગાડી ખાસ સ્પીડમાં નહોતી એટલે બ્રેક માર્યા પછી ગાડી કંટ્રોલમાં રહી,સ્થિર થઈ ગઈ.ભય અને કંપારી સાથે ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો:'તું તો મરીશ પણ અમનેય મારતી જઈશ !'પણ ઢીંગલી જેવી દીકરી ને તેનાં હાથમાં રાષ્ટ્રધ્વજ જોઈ આ શબ્દો હોઠ પર આવીને, ગાડીના જેમ જ અટકીને સ્થિર થઈ ગયા હતા. તે દીકરી માટે તો કાંઈ બન્યું ન હોય તેમ તે લાચારી ને દયામણી નજરે સામે જોઈ, આંખો વડે જ કહેતી હતી : આ ખરીદી લ્યો ને ! શું કરવું, કહેવું કાંઈ સૂઝતું નહોતું. પાછળ ટ્રાફિક જામ થઈ ગયો હતો. હોર્નના કર્કશ અવાજ સાથે....ઘણુંબધું ફટાકડા માફક ફૂટી રહ્યું હતું. પણ એક કવિની કવિતા માફક નહોતું આપવું, છતાંય અપાઈ ગયું...એમ દસની નોટ આપી, રાષ્ટ્ર ધ્વજ લઈને આગળ નીકળી ગયો હતો. પણ કરંડિયામાં સાપ સળવળે તેમ મન માંહે પ્રશ્ન સળવળવા લાગ્યો હતો : આ પાંચ-સાત વરસની દીકરીને ખબર હશે કે, હાથમાં આઝાદ દેશનો રાષ્ટ્રધ્વજ છે ! જો ખબર હોતતો તેણે રોકડો જવાબ આપ્યો હોત : મનેતો એટલી જ ખબર છે,રમવાં-ભણવાં ઉંમરે ...પેટનો ખાડો પૂરવા આવું બધું કરવું પડે છે ! અને આવું બળબળતું સાંભળી મોં પર થપ્પડ પડ્યા જેવો અનુભવ થાત.કારણ કે કોઈ કવિએ ગીતમાં કહ્યું છેઃ જિસકા બચપન હો ભૂખા, ઈસ જવાનીકા ક્યા હોગા...

આજે સમગ્ર દેશમાં સ્વાતંત્ર્યપર્વની આન, બાન,શાન સાથે દબદબાભેર ઉજવણી થઈ રહી છે ત્યારે મા-ભોમની અણમોલ આઝાદીને શત શત વંદન સાથે નમન કરવાનું બને તે સૌ કોઈ માટે સ્વાભાવિક છે.

પણ તળથી તરસ ન લાગે ત્યાં સુધી પાણીનું મૂલ્ય ન સમજાય અને ભૂખ વગર મીઠા ભોજન પણ બેસ્વાદ લાગે...જ્યાં સુધી ગુલામી શું હતી તે ન જાણે ત્યાં સુધીતો આઝાદીના મહત્વને સમજવું મુશ્કેલ છે.

આ પેટનો ખાડો પૂરવા અર્થે,ધ્વજને નિમિત બનાવીને નીકળેલી દીકરીનેતો ખબર જ નથી, ગુલામી શું હોય ને આઝાદી એટલે શું ?આપણે તો સઘળું સમજીએ છીએ ત્યારે આવા વરવાં દ્રશ્યો જોઈ દુઃખ થાય તે સ્વાભાવિક છે. હજુપણ રોટી,કપડા અને મકાન વગર ગરીબીમાં સબડતાં ઘણાં પરિવારો નજરે ચઢ્યા વગર રહેતા નથી. ત્યારે, એનાં ભાગ્ય...આવા લુખ્ખા આશ્વાશનને ખીસ્સે ભરી આગળ નીકળી જઈએ છીએ.

એક ચેનલ પર કારગીલ યુદ્ધના ગુર્જર શહીદોની સ્મરણાંજલિનો કાર્યકમ જોયો હતો.આ સિવાય પણ રોજ-બરોજ દેશ ખાતર શહીદી વહોરનારા વીર જવાનોના સમાચાર પ્રસિદ્ધ થતા રહે છે.આ વીર જવા નો કોઈ માતાના લાડકવાયા હશે,કોઈ વહાલી બહેનનાં બાંધવ હશે,કોઈ બાપના કંધોતર હશે...ને વળી કોઈ વલવલતી વેદના સાથે તલસતી આંખોનાં અમી હશે...

આ વેળા શું વીતતી હશે એ સૌ સ્વજનો પર...કેવા કારમા દર્દની કરચો ખૂંપતી હશે તેમનાં હૃદયમાં !? આ અનુભવ અને અનુભૂતિનો વિષય છે. આ માટેતો શબ્દનો પનો પણ ટૂંકો પડે એવું લાગે છે.

ગુલામીની ઝંઝીરમાંથી મુક્ત થઈ દેશ આઝાદ થયાની પોણી સદીના આળેગાળે આપણે ઊભા છીએ. આઝાદીના લીધે નાગરિકની સુખ-સમૃદ્ધિ વધી છે, સ્વમાનભેર જીવતો થયો છે...આ સ્વીકારવું રહ્યું.

પણ એકવીસમી સદીમાં અવતરણ પામેલી પેઢી,યંગસ્ટર્સને આ બધું વિગતવાર કહેવું ને સમજા વવું પડશે. જ્યાં સુધી એ ગુલામી અને આઝાદીનો ભેદ સમજતી નહીં થયા ત્યાં સુધી, માત્ર રાષ્ટ્રીય પર્વ નિમિતે આપણી સાથે વર્ષમાં બે વખત રાષ્ટ્રધ્વજની સલામી ભરતી ને ઝીલતી રહેશે.હા,આઝાદી પ્રાપ્ત થયા અંગેના ઈતિહાસલક્ષી સવાલના જવાબ પરીક્ષામાં લખ્યા છે. એ સિવાયની લગભગ ખબર નથી. આ મહામૂલી આઝાદીના ઘેઘૂર છાયા તળે બેઠાં છીએ,ત્યારે તેના મૂળમાં કેટલાંય વીર-સપૂતોના લોહી સીંચાયાં છે,બલિદાન દેવાયા છે તેની ઝાંખી થવી, કરવી ને કરાવવી જોઈએ. આ વખતે ધ્વજની સલામી ઝીલવા લગભગ સ્કૂલમાં જવાનું નથી ત્યારે, એક વાલી તરીકે દેશની આઝાદીનું મૂલ્ય ને મહત્વ વિશેની ચર્ચા સંતાન સાથે કરીશું તો પણ દેશભક્તિ ગણાશે !

**છેલ્લે :**

જીવનમાં ઘણું એવું મુશ્કેલથી મેળવ્યા પછી તેને જાળવી રાખવું એ અગત્યનું બને છે !

# શું આપણે સાચ્ચે જ આઝાદ/સ્વતંત્ર છીએ ખરા ?



## મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

આપણે ભલે ૭૪ વર્ષ પહેલા સ્વતંત્ર થઈ જવાની ઉજવણી, મહોત્સવો ઉજવતા હોઈએ પણ શું આપણે ખરેખર આઝાદ/સ્વતંત્ર છીએ ખરા ? સાચી સ્વતંત્રતાની વ્યાખ્યા જ આપણને ખબર નથી. આકાશમાં જે પક્ષીઓ ઊડે છે, નદી તળાવ કે દરિયામાં જે જળચર પ્રાણીઓ જીવે છે કે જંગલોમાં જે પશુ પક્ષીઓ રહે છે તે સાચી સ્વતંત્રતા છે. પક્ષી આકાશમાં ગમે ત્યારે ગમે ત્યા જઈ શકે છે. ભલે આપણે પણ આખા દેશમાં કે દુનિયામાં જઈ શકીએ છીએ. ગમે ત્યા જવાની, બોલવાની, લખવાની કે વિચારો વ્યક્ત કરવાની સ્વતંત્રતા જરૂર છે પણ એ સ્વતંત્રતાને સીમિત બનાવતા નીતિ નિયમો પણ અનેક છે. જો કે સામાજિક વ્યવસ્થા માટે એ જરૂરી પણ છે.

વ્યક્તિ સ્વાતંત્ર્ય કદાચ હિંદુસ્તાનની સૌથી શ્રેષ્ઠ વ્યવસ્થા છે. પણ વ્યક્તિની આંતરિક માનસિકતા, વિચારધારાનું શું ? સરકાર અને સંવિધાને તો તમામ વ્યક્તિઓને સ્વતંત્રતા આપી દીધી પણ આપણે હજી સાચા અર્થમાં સ્વતંત્ર થયા નથી. આજે મોટાભાગની પ્રજા અનેક પ્રકારની સામાજિક, પારિવારિક, રાજનીતિક, ભૌગોલિક, ભાષાકીય, ઐતિહાસિક, ધાર્મિક, જાતિગત ભેદભાવોની વિચારધારાની સાંકળોથી બંધાયેલી છે. જકળાયેલી છે. બાહ્ય ગુલામી કરતા આંતરિક – માનસિક ગુલામી વધુ ખતરનાક સાબિત થાય છે, કેમ કે બાહ્ય ગુલામીથી તો આંદોલનથી, એકતાથી કે ચળવળથી મૂક્તિ મેળવી શકાય છે. પરંતુ પ્રત્યેક વ્યક્તિના હદયમાં જે વિચારોની, ધર્મની, જાતિઓની, પક્ષોની, ભાષાઓની કે પ્રદેશોની જે સંકૂચિત વિચારધારાઓ વહી રહી છે એનાથી વ્યક્તિનું મૂક્ત થવું કઠિન છે. આ બાબતને આપણે સમગ્ર દેશ કે રાજ્ય કક્ષાએ નહીં વિચારતા વ્યક્તિગત ધોરણથી વિચારીશું તો વધુ સરળતાથી સમજાશે. આજે સૌ પ્રથમ મોટાભાગની દરેક વ્યક્તિ પોતાના જ વિચારોથી બંધાયેલી છે. આપણે સૌ આપણી આસપાસની એક દુનિયા બનાવીને જીવિએ છીએ. અને આપણે એવું માની લઈએ છીએ કે આપણને જે દેખાય છે તે જ દુનિયા છે. પણ ખરેખર એવું હોતું નથી. આપણી આસપાસની દુનિયાની આસપાસ પણ બીજી અનેક દુનિયાઓ છે. જે આપણને દેખાતી નથી હોતી. કેમ કે આપણે હંમેશાં બીજાને આપણા ચશ્માથી જ જોઈએ, મૂલવીએ છીએ. આ આપણા ચશ્મા એ આપણી ગુલામી છે. જ્યા સુધી આપણે આપણા ચશ્મા પહેરીને દુનિયાને જોતા રહીશું ત્યાં સુધી આપણે સ્વતંત્ર થઈ શકવાના નથી, કેમ કે આપણા ચશ્માની અનેક મર્યાદાઓ રહેવાની છે. આપણા ચશ્મા સત્યને અસત્ય અને અસત્યને સત્ય તરીકે આપણી સામે રજુ કરી દે છે અને આપણે એને માની, સ્વીકારી લઈએ છીએ. આપણા ચશ્મા આપણને ઘણી વખત યોગ્ય સમયે યોગ્ય નિર્ણય નથી લેવા દેતા પરિણામે આપણે સારી તક ગુમાવી દઈએ છીએ. ખાસ કરીને કોરોના વાયરસ પછી બધાની માનસિકતા બદલાઈ રહી છે ત્યારે તો પ્રત્યેક વ્યક્તિએ ખાસ પોતાની માનસિકતા પ્રત્યે જાગૃત રહેવાની જરૂર છે.

કોરોના પછીના સમયના મારા અભ્યાસ મુજબ જોઈએ તો મોટાભાગની પ્રજા હતપ્રભ છે. કોરોના પછી આપણે માનસિક રીતે ખૂબ જ નબળા પડી ગયા છીએ, આપણે અંદરનું સાહસ ખૂટી રહ્યું છે. અથવા કહો કે આપણા જીવનના બધા નિર્ણયો હવે જુદી દિશામાં જઈ રહ્યા છે, આપણે સૌ આજે એવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ કે હવે એવું માની લીધું છે કે આ પરિસ્થિતિ કાયમ રહેવાની છે. પણ આ તો સમય છે. એ ક્યારેય સ્થિર નથી રહેતો, એ જવાનો જ છે. અને હું તો ત્યા સુધી કહીશ કે કોરોના વાયરસે સમગ્ર જીવસૃષ્ટિને જીવન જીવવા માટેની નવી દૃષ્ટિ આપી છે. આપણને સૌને શીખવ્યું છે કે જીવન હંમેશાં પરિવર્તનશીલ હોવું જોઈએ, રૂટિન લાઈફ તો પશુ પક્ષીઓ પણ નથી જીવતા. પણ આપણે કોરોના પહેલા હંમેશાં આપણા ચશ્માથી અને હવે કોરોના પછી કોરોનાના ચશ્માથી દુનિયાને મૂલવીને એની સાથે એવો વ્યવહાર કરીએ છીએ. આજે હવે કોરોનાએ ઊભી કરેલી પરિસ્થિતિને કારણે સર્જાયેલી માનસિકતાના આપણે ગુલામ બની રહ્યા છીએ. ખરેખર તો આ સમય મહાપરિવર્તનનો છે. પ્રત્યેક વ્યક્તિએ જીવનને ૧૮૦ અંશના ખૂણે વળાંક આપવાની જરૂર છે. વર્ષોની રૂટિન જિંદગી ભૂલીને નવી પરંપરા બનાવવાની જરૂર છે. આજ સુધી જે નથી કર્યું, નથી વિચાર્યું તે કરવાની, વિચારવાની જરૂર છે. આમ છતાંય આપણે હજીયે આપણી પરંપરામાં, આપણી ઘરેડમાં જીવીએ છીએ.

મોટાભાગની વ્યક્તિઓ આજે આપણને અંદરથી દુખી લાગે છે. કોઈને પૂછીશું કે કેમ છે ? તો એના જવાબમાં ઉમળકો કે ઉત્સાહ નહીં હોય, નકારાત્મકતા હશે, ઉદાસી હશે, થાક હશે, ભય પણ હશે. આવું શા માટે ? આર્થિક પરિસ્થિતિને કારણે ? જી નહીં, વ્યક્તિગત માનસિકતાને કારણે, વ્યક્તિગત વિચારધારાને કારણે, પોતે પોતાની બુદ્ધિ, પોતાની સમજણથી લીધેલા નિર્ણયોને કારણે ઊભી થયેલી પરિસ્થિતિને કારણે. આ પ્રકારની ગુલામી બહારથી તો આઝાદી દેખાય છે પણ અંદરથી માણસને ખોખલો કરી નાખે છે. પણ છતાંય આપણે આપણી ગુલામીને ઓળખી, સમજી શકતા નથી. હું તો ત્યા સુધી કહું છે કે દુનિયાની કોઈપણ વ્યક્તિને દુનિયાની કોઈપણ વ્યક્તિ દુખી કે સુખી કરી શકતી નથી. જે કોઈ વ્યક્તિ દુખી કે સુખી છે તે માત્ર અને માત્ર પોતાની વિચારધારા, સમજણ, સંસ્કાર અને પોતે લીધેલા નિર્ણયોથી દુખી કે સુખી હોય છે. આપણા જીવનની વર્તમાન પરિસ્થિતિ અને ભવિષ્યમાં આવનાર પરિસ્થિતિ આપણા લીધેલા નિર્ણયો આધારિત હોવાની. આપણા નિર્ણયોની અસર આપણા સંતાનો, પરિવાર ઉપર પડવાની જ છે. દા.ત. તમે શેરબજારમાં પાંચ દસ લાખ રૂપિયા ગુમાવો છો તો એની સીધી અસર તમારા પરિવાર ઉપર પડશે જ. અને પાંચ દસ લાખ વધારાના મેળવો છો તો તેની પણ પોઝિટીવ અસર પડશે જ. શક્ય છે કે રૂપિયા ગુમાવવાથી સંતાનો કે પત્નીને કે માતા પિતાની ઘણી જરૂરીયાતો પણ પુરી નહીં કરી શકો, ઘણા સમય સુધી કરકસરથી જીવવું પડશે અને જો રૂપિયા મેળવશો તો શક્ય છે કે સંતાનો કે પત્ની કે માતાપિતા જે માગશે એના કરતા એમને વધારે લાવીને આપશો. આ બધુ તમારા લીધેલા નિર્ણયો પણ આધાર રાખે છે. તેથી આપણી સમજણ જો નેગેટિવ હશે, શંકાશીલ હશે તો આપણે બધી જગ્યાએ એવા જ રહીશું અને તેથી ક્યારેક કોઈ સારી તક પણ આપણી પાસે આવીને જતી રહેવાની છે. ખરેખર તો આપણા વિચારોમાં એટલી મોકળાશ, સ્વતંત્રતા હોવી જોઈએ કે ભૂતકાળના અનુભવો નવા નિર્ણયોની આડે ના આવવા જોઈએ. આપણે મોટેભાગે આપણા પૂર્વાનુભવોને આધારે વર્તમાન નિર્ણયો લઈએ છીએ. આ સિસ્ટમ હવે આ ૨૧મી સદીમાં કામ નથી કરતી. પૂર્વાનુભવથી શીખ જરુર લેવાય પણ પૂર્વાનુભવો એટલા પ્રભાવી ના બનવા જોઈએ કે આપણે કોઈ નવા સાહસો કે નવા નિર્ણયો કરી ના શકીએ. જિંદગીમાં બે ચાર વખત નિષ્ફળ જનાર વ્યક્તિ પાંચમી વખત સફળ પણ થઈ શકે છે. અમેરિકાના પૂર્વ રાષ્ટપતિ અબ્રાહમ લીંકન બાર વખત ચૂંટણીઓમાં હારીને તેરમા પ્રયત્ને રાષ્ટ્રપતિ બન્યા હતા. જ્યારે આજે આપણે કોઈ એક કામમાં બે ચાર વખત નિષ્ફળ જઈએ છીએ તો એ કામ મૂકી દઈએ છીએ, પણ કોને ખબર કે છઠ્ઠી વખત જ તમને સફળતા મળવાની હોય અને એ કામ છઠ્ઠી વાર તમે કરો જ નહીં. તો તમારો નિર્ણયનો ભોગ તમારા આખા પરિવારને બનવું પડે છે. કાયમ એક નિષ્ફળ જિંદગી જ જીવી પડે છે. સામાન્ય બનીને રહેવું પડે છે.

મિત્રો, આપણા વિચારોની જ મજબૂત સાંકળથી આપણે સૌ બંધાયેલા છીએ. દરેક વ્યક્તિને પોતાના વિચારો, આદર્શો હોવા જોઈએ પણ એ કોઈ એક દિશાથી કે કોઈ એક વિચારધારાથી બંધાયેલા ના હોવા જોઈએ. એ મૂક્ત હોવા જોઈએ, દરેક સ્થિતિને ઓળખી શકે, દરેક પરિવર્તનોને સ્વીકારી શકે એવા વિસ્તૃત અને ખૂલા હોવા જોઈએ. વિચારો, સંસ્કારો અને આદર્શો ક્યારેય કોઈ એક સ્થિતિમાં બંધાયેલા હોતા નથી. એ હંમેશાં પક્ષીઓ જેવા હોવા જોઈએ. કેમ કે જગતમાં બધુ જ સત્ય કે અસત્ય નથી હોતું. સમયના પરિવર્તન સાથે સત્ય – અસત્યની વ્યાખ્યાઓ પણ બદલાતી હોય છે. એક સમયનું સત્ય આજના સમયે અસત્ય પણ હોઈ શકે છે. અને આજનું સત્ય એક સમયે અસત્ય પણ બની શકે છે. અને આપણે મોટેભાગે ભૂતકાળ અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને નિર્ણયો લઈએ છીએ. ખરેખર આજનો વર્તમાન સમય શું છે ? એને સમજીને, વિચારીને નિર્ણયો નથી કરતા. વર્તમાનને ઓળખવાથી ભવિષ્ય આપોઆપ સમજાઈ જતું છે.

9426060601.india@gmail.com

# સ્વતંત્રતા અને નાગરિક ધર્મ : એક સિક્કાની બે બાજુ....!



## રઝળપાટ

અજય ઉપાધ્યાય

આ લેખ તમે વાંચતાં હશો ત્યારે હિંદુસ્તાન પોતાના ૭૫ માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરી રહ્યું હશે. ગુલામીની નાગચૂડમાથી દેશને આઝાદ થયાને પૂરા ૭૫ વર્ષ પસાર થઈ ગયા છે. સ્વાભાવિક છે કે દેશના નાગરિક તરીકે મને ને તમને એ વાતનો ગર્વ, આનંદ અને અભિમાન પણ હોય જ કે ગુલામીની જંજીરો તોડીને દેશવાસીઓ—ખાસ કરીને સ્વાતંત્ર્ય સેનાનીઓએ દેશને આઝાદ કરાવ્યો અને એ અગણિત નામી-અનામી લોકોની શહીદી અને સંઘર્ષને લીધે આજે આપણે આઝાદીની ખુલ્લી હવામાં શ્વાસ લઈ રહ્યા છીએ. આજના આ દેશભક્તિભર્યા દિવસે એ લાખો લોકોની કુરબાનીને સલામ તો બનતા હૈ. આઝાદી પોતાની સાથે નવી મુશ્કેલીઓ, નવી તકો અને નવા વિચારોને લઈને આવતી હોય છે કેમ કે જે ગુલામીમાં આપણે સબડ્યા હોઈએ છીએ તે ગુલામીથી વિપરીત સામાજીક અને વૈચારિક વિકાસ જ સાચી આઝાદીનું આલેખન બની શકે અને દેશ આઝાદ થયાના ૭૫ વર્ષોમાં આપણે એટલું તો કહી જ શકીએ એમ છીએ કે વી ધ પીપલ ઓફ હિંદુસ્તાને વૈચારિક આઝાદીમાં ચોક્કસ્પણે હરણફાળ ભરી છે.

કરુણતા એ વાતની છે કે આઝાદીના ૭૫-૭૫ વર્ષોમાં આપણને વૈચારિક, સામાજિક આઝાદી તો મળી ગઈ છે પણ ક્યાક ને ક્યાક આપણે એ આઝાદીની આપણને ગમે એવી પરિભાષા કરતાં થઈ ગયા છીએ. ૧૫ મી ઓગષ્ટને માત્ર એક રજા ગણતાં લોકો પાસેથી દેશભક્તિ અને આઝાદીની કિમત કરવાની અપેક્ષા તો ક્યાથી રાખી શકાય ? સી, આપણે આઝાદીના ઝાડ પર લાગેલા ફળો ખાવા તો છે પણ એ ઝાડને રોજ પાણી પાવાની તસ્દી નથી લેવી..!!!! 'આઝાદી અમર રહો 'સ્લોગન ગળા ફાડી ફાડીને ગાવા છે પણ ખરેખર એ આઝાદી માત્ર અમર જ ના રહે પણ સાથે સાથે અતૂટ રહે એવા પ્રયત્નો નથી કરવા. દિલ પર હાથ રાખીને કહેજો કે આજે તમારામાથી કેટલાએ રાષ્ટ્રધ્વજ ને સલામી આપી ? કે સલામી આપવા માટે ધ્વજવંદન સમારોહ માં ગયા ? વાત માત્ર આજની એટલા માટે કરી કે આમ તો દેશભક્તિ બતાવવી એ એક દિવસનો નહીં પણ જીવો ત્યાં સુધીનો ઉત્સવ કહેવાય પણ આજે સ્વાતંત્ર્યદિવસ ના ખાસ અવસર પર આજની વાત કરી. નો ડાઉટ ઉપરના પ્રશ્નોના ઘણા બધા લોકો પોઝિટિવ જવાબ પણ આપવાના પણ આઝાદી એટ્લે ખાલી ધ્વજવંદન કે રાષ્ટગીતના ગાન સુધી આવીને અટકી જાય એમ નહીં પણ આઝાદી એટ્લે સૌપ્રથમ તો દિલમાં છલોછલ દેશપ્રેમ અને દેશપ્રેમ વ્યક્ત થાય આપણા દેશ પ્રત્યેના વ્યવહારથી, બીજા અર્થમાં નાગરિકધર્મ થી જ દેશપ્રેમ સુધી પહોચાય..!!!!

આજના દિવસે ફેસબુક કે બીજે ક્યાય ડીપીમાં તિરંગો લહેરાવવો એ પણ સ્વતંત્રતાની ખુશાલી માટે યોગ્ય જ છે પણ પછી બાકીના ૩૬૪ દિવસો આપણે એ જ આઝાદીનું મંનઘડત અર્થઘટન કરતાં રહીએ તો પછી આમાં આઝાદી ક્યાથી અમર રહેવાની ? સી, હવે એવી કોઈ જરૂર નથી કે દેશને આઝાદ કરવા કોઈની સાથે લડાઈ કરવા જવું પડે એમ છે, જમાનો જ બદલાઈ ગયો છે પણ હવે જરૂર છે આઝાદીનો અર્થ બદલવાની. જે શૂરવીરોએ પોતાના જાનની આહુતિઓ આપીને સોનાની તાસક પર આપણને આઝાદી આપી છે એ આઝાદીને વધુ અર્થપૂર્ણ, વધુ દેશહિતકારી અને વધુ સમાજના હિતમાં ઉપયોગ કરવાની નોબત આવી ગઈ છે, સમય ક્યારનો આવી ગયો છે કે નવી પેઢી આઝાદીના વિશાળ અર્થને દેશની ઉન્નતિ અને દેશની નામના વધે એવા કાર્યોમાં વાપરે. નવી પેઢીની વાત એટલા માટે કરી કે કોઈપણ દેશનો વિકાસ પછી ચાહે એ સામાજીક હોય, આર્થિક હોય, વૈચારિક હોય કે પછી રાજકીય હોય પણ એ બધુ જ નવી પેઢીના હાથમાં હોય છે. જે દેશની નવી પેઢી આ બધામાં નિરુત્સાહી હોય, રસ લેતી ના હોય એવા દેશને આઝાદીના સાચા અને મીઠા ફળો ખાવા નથી મળતા આ હકીકત છે.

એમાયે આપણો દેશ તો લોકશાહી શાશનવ્યવસ્થાને વરેલો છે. દેશનું સુકાન જ નેતાઓના હાથમાં છે. રાજકીય ઈચ્છાશક્તિ જ દેશના વિકાસનો પાયો છે. એવામાં દેશની રાજકીય સ્થિતિ અને એની રાજકીય વ્યવસ્થાનું દેશહિતમાં સંચાલન આઝાદીને વધુ વેગ આપનારું બની રહે છે. અનેક દેશોને આપણે આઝાદી પછી રાજકીય અંધાધૂંધીને લીધે નિષ્ફળ જતાં જોયા છે. સરકારો એની રીતે અને એમની સિસ્ટમ પ્રમાણે કામ કર્યા કરતી હોય છે. મુઠ્ઠીભર નેતાઓના હાથમાં જ્યારે દેશની લગામ અને સુકાન હોય ત્યારે દેશવાસી તરીકે આપણી પણ ફરજ બને છે કે સરકારના સારા પગલામાં સહકાર આપીએ અને ખોટા પગલામાં વિરોધ કરીએ અને જરૂર લાગે તો એ જ સિસ્ટમમાં દાખલ પણ થઈએ, પણ સાથે સાથે એ યાદ રહે કે એ વિરોધ દેશની એકતા કે અખંડિતતતા તોડનારો ના હોય. દેશ એના દેશવાસીઓની મનસા અને દેશ પ્રત્યેના એના લગાવ પર ટક્તો અને વિકસતો હોય છે અને આફ્ટર ઓલ આઝાદી છે જ નાગરિકો માટે. દેશ નહીં પણ નાગરિકોની સોચ, વ્યવહાર આઝાદ થયા હોય છે એવામાં જરૂર છે 'મારે શું? ' એટીટ્યુડ બદલીને દેશના હિતમાં વિચારવાનો.

રાજનેતાઓને મૂકો સાઈડમાં પણ સાચું એ છે કે સ્વતંત્રતાની સાથે સાથે એક બીજી વાત પણ આવે છે અને એ છે સ્વ્તંત્રતાનો દુરુપયોગ ના થાય એ જોવાની જવાબદારી. અને એ જવાબદારી મારી અને તમારી બધાની છે. સ્વતંત્રતાને જો ઈઝી લેવામાં આવશે તો પછી એનો કોઈ અર્થ નહીં રહે અને એના માટે અપાયેલા લાખો બલિદાનો વ્યર્થ જશે. સ્વતંત્રતા મળ્યા પછી એને નિખારવાની, એને ગૌરવપૂર્ણ બનાવવાની જવાબદારી જ સૌથી મહત્વની છે. દેશ જો તમને સ્વતંત્રતાપૂર્વક જીવવાનો અધિકાર આપતો હોય તો આપણી પણ જવાબદારી બને છે કે દેશને એ અધિકારના બદલામાં કશુક આપીએ અને એ કશુક એટ્લે નાગરિકધર્મનું પાલન. આમાં જ દેશભક્તિ આવી જાય છે. દેશના વિકાસમાં આડખીલી બન્યા વગર એમાં સહકાર આપવો એ જ તો સાચો નાગરિકધર્મ બોલે તો દેશભક્તિ છે. સ્વ્ચ્છ્તાથી લઈને ભ્રષ્ટાચાર હટાવવો કે ના કરવો અને નિયમપાલનથી લઈને લોકશાહી સિસ્ટમમાં વધુ રસ લેવો એ જ તો છે સાચી દેશભક્તિ. દેશને જાતિ-ધર્મમાં વિભાજિત ના કરવો, કાયદાઓનું પાલન કરવું, સરકારના સારા કામમાં નાગરિક તરીકે યોગદાન આપવું અને સ્વતંત્રતાની હવામાં પોતાનો એટલો વિકાસ કરવો કે જેનાથી દેશનું નામ પણ રોશન થાય અને એક નાગરિક તરીકે આપણને પણ ગૌરવ થાય.

આઝાદીની સાથે સાથે મળેલી બોલવાની અને વર્તન કરવાની આઝાદીનો વિવેકપૂર્ણ ઉપયોગ પણ સાચી દેશભક્તિ જ છે. ટોળાશાહીના જમાનામાં અંગત હિત બાજુમાં રાખીને પણ દેશનું હીત જોવાય તો એ જ છે સાચી આઝાદી. આઝાદીનો અર્થ જ છે કે બધાને સમાન તક મળે પણ એનો અર્થ એવો નથી કે કોઈના અધિકારો પર તરાપ મારવી. આતંકવાદ, દંગાવાદ, જાતિવાદ, ધર્મવાદ જેવા વાદો દેશને ખોખલું કરે એ પહેલા આવા તત્વોને ઓળખી અને એને પ્રોત્સાહન ના આપવું એ પણ દેશભક્તિ જ છે. ફ્રીડમ અને લિબર્ટી બોલે તો સ્વતંત્રતા અને આઝાદી આ બન્ને વચ્ચે જો કોઈ પાતળી રેખા છે તો એ છે નાગરિકધર્મ. જો વી ધ પીપલ આપણાં નાગરિકધર્મને સારી રીતે અમલમાં મૂકીશું તો સ્વતંત્રતાની મુક્તિનો અહેસાસ અનેકગણો થવાનો છે. વાણી, વિચાર અને વર્તનની આઝાદી તો દેશના સંવિધાને આપી જ છે પણ એનો પોતાના લાભની સાથે સાથે દેશના હિતને ધ્યાનમાં રાખીને જો ઉપયોગ કરતાં થઈ જઈએ તો આઝાદીના ઝાડ પર વિકાસ, સમાનતા, સ્મૃધ્ધિ અને પ્રગતિના ફળો બહુ ઝડપથી આવવા લાગશે. સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ....!!!!